રજૂ તારીખ ૨૨–૦૪–૨૦૨૨
દાખલ તારીખ ૨૨–૦૪–૨૦૨૨
નિકાલ તારીખ ૩૧–૦૧–૨૦૨૪
અવધિ : દિવસ માસ વર્ષ

**નામદાર એડીશનલ સીવીલ જજ સાહેબની અદાલત સમક્ષ,**
**મુકામ : મુંદરા–કચ્છ**

**દિવાની મુકદમા નં.૯૩/૨૦૨૨**
**આંક:**

ગુજરાત ઉર્જા વિકાસ વિજ કું.લી.,

(૧) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
નાના માવા રોડ, રાજકોટ મારફતે,
(૨) શ્રી નાયબ ઈજનેર સાહેબ,
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી,
પેટા વિભાગ–૧, મુંદરા–કચ્છ.
નં–૨ વાળા જાતે અને નં–૧ વાળા વતી. **વાદી**

**વિરુઘ્ધ**

ઝવેરબેન રામજી
રહે.દેઢીચા ફળીયુ, ગુંદાલા, તા.મુંદરા–કચ્છ. **પ્રતિવાદી**

રજુઆત : વિધ્વાન વકીલશ્રી આર.પી.રાવલના વાદી તરફે,
પ્રતિવાદી તરફે : કોઈ નહી.(એકતરફી)

**–: ચુકાદો :–**

**૧. કેસની હકીકત:**

વાદીના દાવાના ટુંકમાં હકિકત એવી છે કે, શ્રી ગુજરાત સરકાર તરફથી પ્રસિઘ્ધ થયેલ જી.આર.ન–જીઈબી–૧૧૦૪–૭૩૧૮,તા.૧૦/૧૨/૨૦૦૪ થી ગુજરાત વિદ્યુત બોર્ડના તમામ કાર્યો ગુજરાત ઉર્જા વિકાસ નીગમ લીમી. ને આપવાનું નકકી કરેલ અને તે અનુંસંધાને શ્રી ગુજરાત સરકાર તરફથી

અમલમાં આવેલ ગુજરાત ઈલેકટ્રીસીટી ઈન્ડસ્ટ્રીઝ (રી–ઓર્ગનાઈજેશન એન્ડ રેગ્યુલેશન) એકટ–૨૦૦૩ તળે શ્રી ગુજરાત વિદ્યુત બોર્ડના જે કંઈ ફંકશન, ડયુટીસ,પાવર એસેટસ, લાયાબીલીટસ અને પ્રોસીડીંગ્સ રહેલ હતા તે તમામ વાદી કંપનીને ટ્રાન્સફર કરવામાં આવેલ છે. વાદી કંપની પોતાના કાર્યક્ષેત્રમાં વીજ પ્રવાહ માટે કનેકશનો આપે છે અને તે અંગેના વીજ વપરાશના બીલો, વીજવપરાશકારોને આપવામાં આવે છે અને તે અંગેની વીજબીલની રકમ વસુલ લેવા હકકદાર બને છે. આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક છે અને તેઓ ધ્વારા રહેણાકીય હેતુ માટે વિધુત જોડાણની માંગણી કરતા અમો વાદી કંપની ધ્વારા પ્રતિવાદીને તા. ૦૪/૦૫/૨૦૦૯ થી વિજજોડાણ આપવામા આવેલ જેમા પ્રતિવાદીનો ગ્રાહક નં– ૩૮૭૦૨૦૦૦૭૦૯ છે. હાલના પ્રતિવાદી ને અમારી કંપની ધ્વારા જે વિજળી પુરી પાડવામાં આવે તેનુ બીલ ભરવા માટે તેઓ જવાબદાર છે. પરંતુ હાલના પ્રતીવાદીએ જાન્યુઆરી–૧૬ થી નવેમ્બર–૧૯ સુધીના વીજ વપરાશના બીલો નીચમીત ભરપાઈ ન કરતા, પ્રતીવાદી પર જાન્યુઆરી–૧૬ થી નવેમ્બર–૧૯ સુધીની બીલની રકમ રૂ. ૩૮૫૫.૯૧ તથા વિલંબીત ચાર્જ પેટે રૂ.૧૫૪૨.૩૬ એમ મળી કુલ–૫૩૯૮.૨૭ ની રકમ લેણી રહેલ છે. જે પ્રતિવાદીએ સમયસર વીજ વપરાશ બીલની રકમ ભરપાઈ ન કરતા પ્રતિવાદીનું વીજકનેકશન કાયમીધોરણે કાપી નાખવામાં આવેલ. આમ છતાં પ્રતીવાદીએ લેણી રકમ ભરપાઈ ન કરતા વાદી કંપનીના એડવોકેટ મારફતે લેણી રકમ વસુલ લેવા રજીસ્ટર્ડ એડી. થી નોટીસ આપવામાં આવતા આજદીન સુધી લેણી રકમ પ્રતીવાદી તરફે ભરપાઈ ન કરતા વાદીએ હાલનો દાવો કરી લેણી રકમ ડીલે પેમેન્ટ ચાર્જીસ સાથે વાર્ષિક ૧૨ % ના દરે વ્યાજ સહીત રકમ મેળવવા હાલનો દાવો કરેલ છે.

**૨.** આ કામે પ્રતીવાદીને દાવાનો સમન્સ/નોટીસ કાઢવામાં આવેલ હતો જે આ કામના સામાવાળાને બજી ગયેલ છે જે હાલના કામે આંક–૬થી રજુ છે. ત્યારબાદ પણ પ્રતિવાદી તરફે કોઈ હાજર રહેલ નહી. આથી હાલનો દાવાના કામે આંક–૧ તળે હુકમ કરી દાવો એક તરફી ચલાવવાનો હુકમ કરવમાં આવેલ છે.

**૩.** આ કામે વાદીએ પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :**

(૧) આંક– ૧૨ થી વાદી મહેશકુમાર રમેશભાઈ મોદીનુ સરતપાસના પુરાવાનુ સોગંદનામુ

**દસ્તાવેજી પુરાવો :**

(૧) આંક–૧૪ થી વાદી કંપનીનુ પ્રફોર્મા ફોર્મ–૧૨.

(૨) આંક–૧૫ થી ડિ.પી.સી સ્ટેન્ટમેન્ટની નકલ

(૩) આંક–૧૬ થી પ્રતિવાદીનું વિધ્યુત જોડાણ કાપવાનો હુકમ

(૪) આંક–૧૭ થી વાદી કંપની તરફથી પ્રતિવાદીને કરેલ એક માસની નોટીસ

(૫) આંક: ૧૮ થી પ્રતિવાદીનું વિધ્યુત જોડાણ કાપવાનો કાયમી હુકમ.

(૬) આંક: ૧૯ થી વાદી કંપનીનુ બીલ સ્ટેટમેન્ટ (લેજર કોપી)

(૭) આંક: ૨૦ થી વાદી કંપનીના એડવોકેટ મારફતે પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ

(૮) આંક–૨૧ થી કલોઝીંગ પુરસીસ

૪. વાદીના વિધ્વાન વકીલશ્રીની દલીલ માનપુર્વક સાંભળવામાં આવેલ છે અને કેસનું રેકર્ડ તેમજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા સદર કેસના ન્યાયિક નિર્ણય માટે આંક–૧૧ નીચે મુજબના મુદાઓ ઘડવામાં આવેલ છે.

**મુદાઓ**

----

૧. શું વાદી સાબીત કરે છે કે, તેમને સરકાર તરફથી ગુજરાત વિધ્યુત બોર્ડની તમામ કામગીરી ટ્રાન્સફર કરવામાં આવેલ છે અનેતે તેમને હાલનો દાવો કરવાનો કાયદેસર હક અધિકાર છે.?

૨. શું વાદી સાબીત કરે છે કે, આ કામના પ્રતિવાદી તેમના કાયદેસરના ગ્રાહક છે અને વાદી કંપનીનું વીજ કનેકશન ધરાવતા હતા.

૩. શુ વાદી સાબીત કરે છે કે, દાવાની હકિકત મુજબ પ્રતિવાદી વિરુધ્ધ તેમની કાયદેસરની લેણી રકમ નિકળે છે અને આ કામના પ્રતિવાદી સદરહુ લેણી રકમ ચુકવવામાં કસુર કરેલ છે.

૪. શુ વાદી માગ્યા મુબજની દાદ મેળવવા હકદાર છે?

૫. શું હુકમ અને હુકમનામું ?

**૫.** **નિર્ણય**

**૧.** હકારમા

**૨.** હકારમા

૩. હકારમાં

૪. અંશત હકારમાં

૫. આખરી હુકમ મુજબ.

**: નિર્ણયના કારણો :**

**૬.** આ કામે તમામ મુદાઓ એકબીજા સાથે સંલગ્ન હોય તમામ મુદાની સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

**૭.** આ કામે આંક-૧૨ થી વાદી તરફે મહેશકુમાર રમેશભાઈ મોદીની સરતપાસના પુરાવાનું સોગંદનામુ, દિવાની કાર્યરિતિ અધિનિયમના આદેશ ૧ ૮, નિયમ-૪ અન્વયે રજુ કરવામાં આવેલ છે જેમાં જણાવેલ છે કે પોતે નાયબ ઈજનેર તરીકે પશ્ચિમ ગુજરાત વિજ કંપનીમાં ફરજ બજાવે છે, સદર સાહેદ દાવાઅરજીની હકીકતોને સમર્થનકારક પુરાવો રજુ કરવામાં આવેલ છે. વાદી તરફે રજુ થયેલ પુરાવાને પ્રતીવાદી તરફે વાદીની હકીકતોને પડકારવામાં આવેલ નથી કે ખંડન કરવામાં આવેલ નથી. વધુમાં વાદીએ પોતાની દાવાહકીકત મુજબ પોતાના સોગંદનામામાં જણાવેલ છે કે વાદી વીજ કંપનીનાઓએ પ્રતીવાદીને રહેણાકીય હેતુ માટે વીજવપરાશ માટે વીજ કનેકશન ગ્રાહક નં. ૩૮૭૦૨૦૦૦૭૦૯ ઘર વપરાશ માટે આપવામાં આવેલ છે અને આ અંગે પ્રતીવાદી તરફે કોઈ વાંધો લેવામાં આવેલ નથી કે પડકારવામાં આવેલ નથી. આમ પ્રતીવાદી વાદી કંપની કાયદેસર રીતે ગુજરાત સરકારે તેમને ગુજરાત વિધુત બોર્ડના તમામ કાર્ય કરવાની સત્તા

આપેલ છે અને આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક હોવાનું ફલીત થાય છે. વધુમાં સદર સાહેદે પેરા –૪ માં જણાવેલ છે કે જાન્યુઆરી–૧૬ થી નવેમ્બર–૧૯ સુધીની વીજવપરાશના બીલોની રકમ નિયમીત ભરેલ નથી. જેથી પ્રતીવાદી ને આ સંદર્ભે વીજના લેણી રકમ વસુલ લેવા આંક–૧૭ વાળી નોટીસ કરવામાં આવેલી જે સદર કામે રજુ કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રતીવાદીએ આ નોટીસ મુજબનું વર્તન કરેલ નથી કે લેણી રકમ જમા કરાવેલ નથી. જેથી પ્રતીવાદીનું વીજ કનેકશન તારીખ : ૨૮/૧૦/૨૦૧૬ ના રોજ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે. જેથી વાદી હાલનો દાવો વીજબીલની રકમ તથા ડી.પી.સી.ની રકમ સહીત કુલ્લ રૂા.૫૩૯૮.૨૭ પૈસા વસુલ કરવા હાલનો દાવો કરેલ છે. આ કામે વાદીએ આંક–૧૯ થી લેજર કોપી (વીજ વપરાશનું સ્ટેટમેન્ટ) રજુ કરવામાં આવેલ છે.લેજર કોપીની હકીકતોને પ્રતીવાદી તરફે પડકારવામાં આવેલ નથી અને સદર સ્ટેટમેન્ટમાં વાદી કંપનીને જાન્યુઆરી–૧૬ થી નવેમ્બર–૧૯ સુધીની લેણી રકમ રૂા.૫૩૯૮.૨૭ વસુલ લેવાનું જણાય છે. આમ,વાદીના આ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું પ્રતિવાદી તરફે કોઈ ખંડન કરાયેલ નથી કે પ્રતિવાદીએ તેમના બચાવનો કોઈ પુરાવો પણ રજૂ કરેલ નથી. આ સંજોગોમાં વાદી વીજ કાું. તરફથી રજૂ થયેલ ઉપરોકત પુરાવો નહી માનવાને કોઈ કારણ જણાતું નથી. આમ, વાદી તરફે ઉપરોકત રજૂ પુરાવાથી માનવાને કારણ જણાતું હોય કે, પ્રતિવાદી પર જાન્યુઆરી–૧૬ થી નવેમ્બર–૧૯ સુધીના ફીકસ ચાર્જીસ, એનર્જી ચાર્જ,ફયુઅલ કોષ્ટ,ઈલેકટ્રીસીટસ ડયુટી તથા વિલંબીત ચાર્જ સાથે રૂા.૫૩૯૮.૨૭ પૈસા બાકી લેણા રહે છે.

આમ ઉપરોકત આપેલા જાન્યુઆરી–૧૬ થી નવેમ્બર–૧૯ તારણોનુસાર આ કામના પ્રતિવાદી પર વાદી કંપનીના વીજ વપરાશ રૂા.૫૩૯૮.૨૭ પૈસા બાકી પડતા હોય અને તે પ્રતિવાદી તરફથી ચુકવી આપેલ ન હોવાનું પુરવાર થતું હોય, તેવા સંજોગોમાં વાદી કાું. સદર રકમ પ્રતિવાદી પાસેથી પરત વસુલ મેળવવા હકકદાર હોવાનું જણાય છે, પરંતુ વાદીએ આ બાકી વીજ બિલની રકમ પર વાર્ષિક ૧૨% ના દરે વ્યાજની માંગણી કરેલ છે. પરંતુ સી.પી.સી.કલમ–૩૪ની જોગવાઈ ધ્યાને લેતા નાણા આપવાના હુકમનામામાં કોર્ટે જે મુદૃલ રકમ ફેસલાથી નકકી થઈ હોય તેના પર દાવા તારીખથી

ચુકવણીની તારીખ સુધીનું વાજબી લાગે તેટલું વાર્ષિક ૬ % કરતા વધારે ન હોય તેવા દરે વ્યાજ અપાવવાનો કોર્ટ હુકમ કરી શકશે. પરંતુ તેવી ઠરાવેલ રકમના સબંધમાં વાણિજયક લેવડ દેવડમાંથી જવાબદારી ઉભી થઈ હોય ત્યારે એવા વધારાના વ્યાજ દર ૬% કરતા વધુ રહી શકશે. પણ તે વ્યાજના કરારમાં ઠરાવેલ દર કરતા અથવા કરારમાં દર ઠરાવ્યો ન હોય ત્યારે વાણિજયક લેવડ દેવડ સબંધમાં રાષ્ટ્રીયકૃત બેંક જે દરે નાણા ઉછીના આપતી હોય કે ધીરાતી હોય તે દર કરતા વધુ હોવી જોઈશે નહી. આમ હાલનો વીજ પુરવઠો પુરુ પાડવાની વાદી કું.નું કૃત્ય વાણિજયક લેવડદેવડ ગણી શકાય, વીજ એ આવશ્યક અને જીવનજરૂરી વસ્તુ ગણી શકાય અને પ્રતિવાદી દ્વારા વીજ બીલની બાકી રકમ કોઈપણ કારણ વિના ચૂકવી ન આપતા તેનાથી જીવનજરૂરીયાત ચીજવસ્તુના વિતરણને અપ્રત્યક્ષ રીતે નુકશાન થાય તેમ કહી શકાય. આ સંજોગોમાં પણ આ બાકી રકમ પર રાષ્ટ્રીય બેંક દ્વારા હાલ છેલ્લા બે વર્ષના પ્રવર્તમાન વાર્ષિક વ્યાજનો દર ૬ % વાદી કંપનીને અપાવવા પાત્ર જણાય છે, અને તે વિરૂધ્ધની પ્રતિવાદીની કોઈ રજુઆત ન હોય, આ સંજોગોમાં વાદી, પ્રતિવાદી વીજ વપરાશ બિલની રકમ ડીલે ચાર્જીસ સાથે રૂા.૫૩૯૮.૨૭ પૈસા આ દાવા તારીખથી વાર્ષિક ૬% ના દરે વસુલ મેળવવા હકકદાર હોવાનું જણાય છે.

આમ, ઉપરોકત રજુ થયેલા પુરાવા તેમજ કેસની હકીકત અને રજુઆતો ધ્યાને લેતા પ્રતીવાદી, વાદી કંપનીના કાયદેસરના ગ્રાહક છે અને પ્રતીવાદી એ વીજ વપરાશ બીલની લેણી રકમ ભરવામાં નિષ્ફળ ગયેલ હોય વ્યાજ સહીત મેળવવા હકકદાર હોવાનું સાબીત થતુ હોય, તે સંજોગોમાં મુદદા નં.૧ થી ૩ નો જવાબ હકારાત્મક ઠરાવી, હાલના દાવા લગતનો મુદ્દા નં.૪ નો જવાબ અંશત હકારમાં ઠેરવી મુદા નં–૫ પરત્વે આખરી હુકમ નીચે મુજબનો ફરમાવું છું.

## <u>આખરી હુકમ</u>

**૧.** આથી, વાદીનો દાવો '**અંશત: મંજુર**' કરવામાં આવે છે.

**૨.** આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીની લેણી રકમ રૂા.**૫૩૯૮.૨૭** (અંકે રૂા. પાંચ હજાર ત્રણસો અઠાણુ રૂપીયા અને સત્યાવીસ પૈસા) પુરાના વાર્ષિક ૬% ના દરે દાવો કર્યાના

તારીખથી વસુલ થાય ત્યાં સુધી  અચુક ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૩**. પક્ષકારોએ દાવા અંગેનો ખર્ચ જાતે ભોગવવો.

**૪.** હુકમ મુજબ હુકમનામું દોરવું.

**<u>હુકમ</u>** : તારીખ: **૩૧મી** માહે **: જાન્યુઆરી** સને **૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કરવામાં આવેલ છે.

સ્થળ : મુંદરા(કચ્છ)
તા.: ૩૧–૦૧–૨૦૨૪

**(શિવરામભાઈ લાખાજી રબારી)**
એડીશનલ સિવીલ જજ, મુંદરા–કચ્છ
**(Code No.GJ01617)**